રે.દી.મુ.નં.૩૦/૧૮

**<u>—: આંક—૫ લગત હુકમ :—</u>**

।૧। વાદીએ આ કામના પ્રતિવાદીઓ સામે વિજ્ઞાપન તથા કાયમી તાકીદ મેળવવા તથા આનુસાંગીક દાદ મળવા દાવો દાખલ કરેલ છે. તે સાથે આ કામે દાવાવાળી જગ્યા પરત્વે કામચલાઉ મનાઈ હુકમની અરજી દાખલ કરેલ છે અને સદર અરજીને દાવાનો એક ભાગ ગણવા જણાવેલ છે. તે અરજીની ટુંકમાં હકીકત મુજબ વાદી માણવદર તાલુકાના બાંટવા ગામા રહીશ છે અને માણાવદર તાલુકના સુલતાનાબાદ ગામે ખેડખાતા નં.૩૮૭ સર્વે નં.૩૪ થી જમીન હે.૧—૯૧—૨૧ થી ખેતીની જમીન ધરાવે છે. વાદીના ખેતરમાં જવાનો રસ્તો સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તે પક્ષકારોના ખેતર આવે છે ત્યા ઉપરોકત સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તાની સડકથી ઉતર તરફ વળાંક લેતા સર્વ પ્રથમ ખેતર વલ્લભભાઈ રૈયાનું આવે છે તેના પુર્વ શેઢેની અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ભીખુ ઠાકરશી અમૃતીયાના ખેતરના પુર્વ શેઢે અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ધરમશી નાનજીભાઈ તથા સ્વ.ભીમાભાઈ નાનજીભાઈના ખેતરના પુર્વ શેઢે અંદરથી થઈ પુર્વ તરફે વળાંક લઈ પ્રતિવાદી પરસોતમભાઈ હરીભાઈના પશ્ચિમ શેઢે અંદર ખુણેથી થઈ તેની ઉતર તરફે પ્રતિવાદી દિનેશભાઈ ભીમાભાઈના બન્ને ખેતર રે.સ.નં.૩૧ પૈકી તથા ૩૩ ના પશ્ચિમ શેઢે થઈ રે.સ.ન.૩૩ ની દિનેશભાઈ ભીમાભાઈની જમીનના વચ્ચેના ભાગેથી પુર્વ તરફે વળાંક લઈ આગળ જતા દિનેશભાઈ ભીમાભાઈનો રે.સ.નં.૩૩ નો જે ભાગ આવે છે તેના પુર્વ શેઢામાં થઈ વાદીના ખેતરમાં જવાય અવાય છે તથા ખેતી લાયક સાધનો લઈ જવાય અવાય છે. તે રીતેનો ૮ ફુટની પહોળાઈનો રસ્તો આવેલ છે અને તે રસ્તેથી જ વાદી વર્ષોથી ચાલે છે અને તે સિવાય વાદીના ખેતરમાં જવાનો અન્ય કોઈ રસ્તો નથી અને ઉપરોકત રરસ્તો વાદીના બાપ દાદાના વખતથી આવેલ છે અને આ રસ્તે જતા આવતા પ્રતિવાદીઓ અટકાયત કરે છે તેથી આ અરજી લાવવા ફરજ પડેલ છે. વાદીનો પ્રથમદર્શનીય કેસ છે, નાણાંમાં ન પુરી શકાય તેવું નુકશાન વાદીને થાય તેમ છે. વાદીના ખેતરમાં જવાનો બીજો કોઈ રસ્તો નથી અને હાલ ખેતીની સીઝન છે અને પ્રતિવાદીઓ ખુદ પણ તે રસ્તેથી જ ચાલે છે તેથી કોઈપણ પ્રકારની નુકશાની

પ્રતિવાદીઓને નથી.

સબબ વાદીએ પ્રતિવાદીઓ જાતે, એજન્ટો, મુખત્યારો, મજુરો કે અન્ય કોઈ મારફતે વાદીના ખેતરમાં જવાનો સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તે પક્ષકારોના ખેતર આવે છે ત્યા ઉપરોકત સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તાની સડકથી ઉતર તરફ વળાંક લેતા સર્વ પ્રથમ ખેતર વલ્લભભાઈ રૈયાનું આવે છે તેના પુર્વ શેઢેની અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ભીખુ ઠાકરશી અમૃતીયાના ખેતરના પુર્વ શેઢે અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ધરમશી નાનજીભાઈ તથા સ્વ.ભીમાભાઈ નાનજીભાઈના ખેતરના પુર્વ શેઢે અંદરથી થઈ પુર્વ તરફે વળાંક લઈ પ્રતિવાદી પરસોતમભાઈ હરીભાઈના પશ્ચિમ શેઢે અંદર ખુણેથી થઈ તેની ઉતર તરફે પ્રતિવાદી દિનેશભાઈ ભીમાભાઈના બન્ને ખેતર રે.સ.નં.૩૧ પૈકી તથા ૩૩ ના પશ્ચિમ શેઢે થઈ રે.સ.ન.૩૩ ની દિનેશભાઈ ભીમાભાઈની જમીનના વચ્ચેના ભાગેથી પુર્વ તરફે વળાંક લઈ આગળ જતા દિનેશભાઈ ભીમાભાઈનો રે.સ.નં.૩૩ નો જે ભાગ આવે છે તેના પુર્વ શેઢામાં થઈ વાદીના ખેતરમાં જવાય અવાય છે તથા ખેતીલાયક સાધનો લઈ જવાય અવાય છે. તે રીતેનો ૮ ફુટની પહોળાઈનો રસ્તો આવેલ છે અને તે રસ્તેથી જ વાદી હાલતા ચાલતા, ગાડા ગડીરા, ટ્રેકટર કે વાહન લઈ જતા આવતા અડચણ કે અટકાયત કરે નહી કે કરાવે નહી કે તે રસ્તાની જમીનમાં અંતરાય કે અડચણ થાય તેવું કોઈપણ પ્રકારનું કૃત્ય પ્રતિવાદીઓ કરે નહી કે કરાવે નહી તેવો દાવો ચાલતા સુધી હંગામી મનાઈ હુકમ આપવા દાદ માંગેલ છે.

।૨। વાદીના દાવા તથા મનાઈ હુકમની અરજીના સમન્સ/નોટીસની પ્રતિવાદીઓને કાયદેસર બજવણી કરવામાં આવતા આ કામના પ્રતિવાદી નં.૨(૧), ૩(૩), ૪(૨) તથા ૬ તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલ અને આંક–૩૫ થી વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજી સંબંધે વાંધા જવાબ રજુ કરી જણાવેલ છે કે, આવો કોઈ રસ્તાનો હકક વાદીનો આવેલ નથી કે વાદી ત્યાથી ચાલતા નથી. વાદીનો કાયદેસરનો રસ્તો સુલતાનાબાદ ગામેથી નીકળી પશ્ચિમ તરફ આવેલ ખારામાં થઈ પશ્ચિમ તરફ આગળ વધી બાવનજી અરજણ તથા ગોગન ગોકળ ભરવાડ વિગેરેની ખેડવાણ જમીનના દક્ષિણ શેઢેથી પશ્ચિમ તરફ આગળ વધી જે સરકારી વાયુ છે તે વાયમાં

બાંટવા ખારા ડેમ સિંચાઈ યોજના મારફત પુલ થયેલ છે તે પુલ ઓળંગી દક્ષિણ તરફ સરકારી ખરાબાની જમનીમાં થઈ વાદીની ખેડવાણ જમીનમાં સીધુ જવાય છે અને ત્યાથી વાદી હાલતા ચાલતા હતા અને તેનો રસ્તો પણ ત્યાથી જ છે. વાદી કયારેય તેના કહેવાતા રસ્તે હાલેલ ચાલેલ નથી કે રસ્તાનો ઉપયોગ ઉપભોગ કરેલ નથી. વલ્લભ રૈયા કણસાગરાએ જે લખાણ લખી દીધેલ છે તે જ બતાવે છે કે ત્યાથી રસ્તો પરાપુર્વથી કે બાપ દાદાના વખતથી નથી. જો આવો રસ્તો હોત તો આવું કોઈ લખાણ કરવાની જરૂરત પડે નહી. માત્ર વલ્લભ રૈયાએ લખાણ લખેલ હોય તેથી આવો રસ્તો મળે નહી. અન્ય કોઈ પ્રતિવાદીએ કોઈ લખાણ કે સંમતિ આપેલ નથી. વાદી પાસે કોઈ પ્રાયમાફેસી કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીની તરફેણમાં છે, ઈરરીપેરેબલ લોસની દ્રષ્ટિએ જોઈએ તો પણ જો વાદીને મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને અગણિત અને પારાવાર નુકશાની જાય એમ છે. વાદીનો રસ્તો વાદગ્રસ્ત જગ્યાએ છે તે બતાવવા માટે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે અન્ય કોઈના સોગંદનામા રજુ થયેલ નથી. વાદીની દાવા અરજી પેરા–૪ ની ચતુઃદિશા જોતા ઉતરે વાદીએ પોતે જ ખારો એટલે કે સરકારી જમીન બતાવેલ છે. ત્યાથી વાદી તેમી ખેડવાણ જમીનમાં જઈ આવી શકે એમ છે. પરંતુ તાજેતરમાં દાવો કર્યા પહેલા વાદીએ પોતાના ખેતરમાં પ્રવેશવાની જગ્યાએ આડો પાળો કરી ત્યા માટી નાંખી બંધ કરેલ છે અને પ્રતિવાદીઓના ખેતરમાં ખોટો હકક ઉભો કરવા પ્રયત્ન કરે છે. વાદીના ખેતરમાં જવા માટે વૈકલ્પીક રસ્તો પણ તેની ખેડાવણ જમીનની ઉતરે આ દાવા જવાબમાં બતાવ્યા મજુબનો આવેલ છે. આમ વાદીની વચગાળાની મનાઈ અરજી રદ્દ કરવા અરજ કરેલ છે.

જયારે અન્ય પ્રતિવાદીઓને સમન્સ/નોટીસની બજવણી થયેલ હોવા છતાં હાજર થઈ પોતાના કોઈ વાંધા જવાબ રજુ કરેલ ન હોય પ્રતિવાદી નં.૧, ૩(૧), ૩(૨), ૩(૪)થી (૬), ૪(૧), ૪(૩), ૪(૪) તથા ૫ નો જવાબનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

।૩। વાદીએ પ્રતિવાદીઓએ રજુ કરેલ જવાબ સામે આંક–૩૬ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરી પ્રતિવાદીઓના જવાબની હકીકતનો ઈન્કાર કરેલ છે.

।૪। વાદીએ દાવા સાથે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

માર્ક ૪/૧: સુલતાનાબાદના ખાતા નં.૩૮૭ ની ૮–અ ની પ્રમાણીત નકલ.

માર્ક ૪/૨: સુલતાનાબાદના સર્વે નં.૩૪ ની ૭–૧૨ ની પ્રમાણીત નકલ.

માર્ક ૪/૩: રફસ્કેચ.

માર્ક ૪/૪: કબુલતી દસ્તાવેજની નકલ.

માર્ક ૩૩/૨: રોજકામ તથા રફસ્કેચ.

માર્ક ૩૭/૧: દસ્તાવેજ અનુ.નં.૯૮૩ ની ખરી નકલ.

માર્ક ૩૭/૨: રે.દિ.મુ.નં.૮૭–૮૯ના ઠરાવની નકલ.

।૫। આ કામે પ્રતિવાદી તરફે કોઈ જ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

।૬। આ કામે પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી.

।૭। ઉપરોકત હકીકતોએ સદર અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

—: મુ દા :—

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે ?

(૩) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ નહી આપવાથી વાદીને નાંણાના સ્વરુપમાં ન નીવારી શકાય તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

।૮। ઉપરોકત મુદાઓનો મારો નિર્ણય કારણો સહીત નીચે મુજબ છે.

મુદા નં.૧ હકારમાં

મુદા નં.૨ હકારમાં

મુદા નં.૩ હકારમાં

મુદા નં.૪ આખરી હુકમ મુજબ.

# **–: કા ર ણો :–**

**મુદા નં.૧ થી ૪ :–**

આ તમામ મુદાઓની ચર્ચા એકબીજા ઉપર આધારીત હોય, અવાર નવાર હકીકતોનું પુનરાવર્તન ટાળવા તમામ મુદાઓની ચર્ચા સાથે કરવામાં આવેલ છે.

ા૯ા વાદીની મનાઈ અરજીની હકીકત મુજબ આ કામના પ્રતિવાદી નં.૧ સુલતાનાબાદ ગામે ખેડખાતા નં.૩૦૮ થી રે.સ.નં.૨૪ પૈકી ૧ ની ખેડવાણ જમીન ધરાવે છે જયારે પ્રતિ.નં.ર ભીખુભાઈના વારસદાર જયેશભાઈ સુલતાનાબાદ ગામે ખેડખાતા નં.૩૦૯ થી રે.સ.નં.૨૬ પૈકીની જમીન ધરાવે છે. હાલ રેકર્ડમાં ભીખુભાઈનું નામ ચાલે છે. તે જ રીતે પ્રતિ.નં.૩ ધરમશીભાઈ નાનજીભાઈ બુમતારીયાના વારસદાર છે તથા તે ખેડખાતા નં.૯૦ થી રે.સ.નં.૨૮ પૈકી ૧ પૈકી ર ની જમીન ધરાવે છે. જયારે પ્રતિ.નં.૪ ભીમાભાઈ નાનજીભાઈ બુમતારીયાના વારસદાર છે જે ખેડખાતા નં.૫૬૭ થી રે.સ.નં.૨૮ પૈકી ૧ પૈકી ૧ થી જમીન ધરાવે છે. તેવી રીતે પ્રતિ.નં.૫ પરસોતમભાઈ ખેડખાતા નં.૫૩૧ થી રે.સ.નં.૩૧ પૈકી ૧ ની જમીન ધરાવે છે જયારે પ્રતિ.નં.૬ દિનેશભાઈ ખેડખાતા નં.૩૮૮ થી રે.સ.નં.૩૧ પૈકી ર તથા રે.સ.નં.૩૩ ની જમીન ધરાવે છે.

વાદીના કથન મુજબ તેમના ખેતરમાં જવાનો રસ્તો સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તે પક્ષકારોના ખેતરે આવે છે. ત્યા સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તાની સડકથી ઉતર તરફ વળાંક લેતા સર્વ પ્રથમ ખેતર વલ્લભભાઈ રૈયાનું આવે છે. તેના પુર્વ શેઢેની અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ભીખુભાઈ ઠાકરશીના ખેતરના પુર્વ શેઢે અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ધરમશી નાનજીભાઈ તથા સ્વ.ભીમાભાઈ નાનજીભાઈના ખેતરના પુર્વ શેઢે અંદરથી પુર્વ તરફે વળાંક લઈ પ્રતિવાદી પરસોતમ હરીભાઈના પશ્ચિમ શેઢે અંદર ખુણેથી થઈ તેની ઉતર તરફે પ્રતિવાદી દિનેશભાઈ ભીમાભાઈના બન્ને ખેતર રે.સ.નં.૩૧ પૈકી ૩૩ ના પશ્ચિમ શેઢે થઈ રે.સ.નં.૩૩ ની દિનેશભાઈ ભીમાભાઈની જમીનના વચ્ચેના ભાગેથી પુર્વ તરફે વળાંક લઈ આગળ જતા દિનેશભાઈ ભીમાભાઈનો

રે.સ.નં.૩૩ નો જે ભાગ આવે છે તેના પુર્વ શેઢામાં થઈ વાદીના ખેતરમાં જવાય અવાય છે તથા ખેતીના સાધનો લઈ જવાય અવાય તે રીતે ૮ ફુટનો પહોળાઈનો રસ્તો આવેલ છે તેમજ વાદી વર્ષોથી ચાલતા હોય તેમના આવવા જવાનો હકક હોય અને જરૂરીયાતના સુખાધિકારથી એઝ ઓફ રાઈટ આવેલ છે તેથી સદર રસ્તે પ્રતિવાદીઓ અંતરાય કે અડચણ ન કરે તેથી હાલની મનાઈ અરજી કરેલ છે.

।૧૦। આ કામે પ્રતિવાદીઓને અરજી સંબંધે નોટીસ કાઢતા હાજર થઈ પ્રતિવાદી નં.૧, ૩/૧, ૩/૨, ૩/૪ થી ૩/૬ તથા પ્રતિ.નં.૪/૧, ૪/૩, ૪/૪ તથા પ્રતિ.નં.૫ ઘણા સમય સુધી હાજર ન થતા તથા પુરતી તક આપવા છતાં કોઈ લેખિત જવાબ રજુ કરેલ ન હોય તેઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે. જયારે અન્ય પ્રતિવાદી નં.૨/૧ તથા ૩/૩ તથા ૪/૨ તથા ૬ તરફે વાદીની મનાઈ અરજી વિરૂધ્ધ આંક–૩૫ થી વાંધા રજુ કરેલ છે તેમજ વાદીની મનાઈ અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે.

।૧૧। વાદીએ તેમની મનાઈ અરજીના સમર્થનમાં માર્ક ૪/૧ થી ખેડખાતા નં.૩૮૭ ની ૮–અ ની નકલ તથા ૪/૨ થી રે.સ.નં.૩૪ ની ૭–૧૨ ની પ્રમાણીત નકલ તથા માર્ક ૪/૩ થી વાદગ્રસ્ત જમીન તથા રસ્તા અંગેનો રફસ્કેચ તથા માર્ક ૪/૪ થી વાદી નં.૧ નાએ રસ્તા અંગે લખી આપેલ કબુલતી દસ્તાવેજની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. જયારે પ્રતિવાદીઓએ આંક–૩૫ વાળા લેખિત જવાબના પેરા–૬ માં જણાવ્યા મુજબ વાદીના ખેતરમાં જવા આવવાનો રસ્તો સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તે પક્ષકારોના ખેતર આવેલ હોવાની હકીકત કબુલ રાખે છે પરંતુ વાદીએ તેમની મનાઈ અરજીના પેરા–૩ માં વાદગ્રસ્ત જે રસ્તો જણાવેલ છે તેવો કોઈ રસ્તો ન આવેલ હોવાની તકરારને વળગી રહેલ છે. જયારે વાદીએ તેમના લેખિત જવાબ વિરૂધ્ધ આંક–૩૬ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરી પેરા–૩ માં જણાવેલ છે કે, અગાઉ જમનાદાસ ધનજી કણસાગરાએ તેમના પિતાશ્રી તથા ધરમશી નાનજી તથા ભીમા નાનજી, વલ્લભ રૈયા ઉપર વાદગ્રસ્ત રસ્તેથી અટકાયત ન કરવા અત્રેની કોર્ટમાં રે.દિ.નં.૮૭/૮૯ થી દાવો કરેલ તેમાં નામ.કોર્ટે વાદગ્રસ્ત રસ્તેથી અટકાયત ન કરવી તેવું હુકમનામુ કરી આપેલ જે વાદીએ માર્ક ૩૭/૨ થી રજુ કરેલ છે.

જયારે દસ્તાવેજ અનુ.નં.૯૮૩ તા.૨૬/૧૦/૨૦૦૫ ભીખુ ઠાકરશી જેના વારસો પ્રતિ.નં.૨ છે જે રે.સ.નં.૨૬ વાદીના પિતાશ્રી ભીમા કરમણ પાસેથી ખરીદ કરેલ છે જેમાં પેરા નં.૬ માં વેચાણવાળા ખેતરમાં જવા આવવા ગાડા ગડીરા, હળ સાતી ટ્રેટકર વિગેરે લઈ જવા આવવા માટે સુલતાનાબાદથી બાટવા જતા રોડ ઉપરથી પોખ્યાના પુલ બાદ જમણી તરફ મરડાઈ વલ્લભ રૈયાના પુર્વ શેઢે થઈ આ વેચાણ થતા ખેતરમાં જવાય અવાય છે. ઉપરોકત ખેતરોવાળા ગોવિંદ નાનજી અને ધરમશી નાનજી તથા રતીલાલ રાજા, દામજી ભીમજી તથા હરીલાલ ભીમજી તથા દિનેશ ભીમજીનો રસ્તો છે. આમ, વાદી સદર દસ્તાવેજો ઉપર આધાર રાખે છે. વધુમાં વાદીએ મનાઈ અરજી સાથે તકરારી રસ્તા અંગેની સાચી પરિસ્થિતિ રેકર્ડ ઉપર લાવવા આ કામે રોજકામ કરાવેલ છે જે માર્ક ૩૩/૨ થી રજુ થયેલ છે જેની સાથે સદર રોજકામના પેરા–૭ ઉપર વાદગ્રસ્ત રસ્તાનો કમિશ્નરશ્રીએ સ્કેચ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે. આમ, વાદીની મનાઈ અરજીની હકીકત મુજબ તેમની મનાઈ અરજીના પેરા–૩ માં જે હકીકત અંગેનો રસ્તો દર્શાવેલ છે તે જોતા કમિશ્નરનો રોજકામ અહેવાલ જોવામાં આવે તો સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તે રસ્તાની સડકથી ઉતર તરફ વળાંક લેતા સર્વ પ્રથમ ખેતર વલ્લભ રૈયાનું તથા તેની પુર્વ શેઢે અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ભીખુ ઠાકરશી અમૃતીયાનું ખેતર અને તેના પુર્વ શેઢે અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ધરમશી નાનજી તથા સ્વ.ભીમાભાઈ નાનજીભાઈના ખેતરો આવે છે, અહી સ્પષ્ટ રસ્તો તથા ચીલા સાધનોની છાપ જોવાય છે. જયારે સદર અહેવાલના પાના નં.૫ ઉપર રે.સ.નં.૩૩ ની દિનેશભાઈ ભીમાભાઈની જમીનના વચ્ચેના ભાગથી પુર્વ તરફ વળાંક લેતા હાલનો રસ્તો જણાય છે જે ૫ ફુટ પહોળો છે. ત્યા પણ ટ્રેકટર જેવા વાહનની છાપ અને ચીલા જોવામાં આવે છે. ત્યાથી આગળ પ્રતિવાદી દિનેશભાઈ ભીમાભાઈના પુર્વ શેઢામાંથી વાદીના ખેતરમાં જઈ શકાય તેવું સ્પષ્ટ જણાય છે. આમ, વાદીએ માર્ક ૩૭/૧ થી અનુક્રમ નં.૯૮૩ નો દસ્તાવેજ વંચાણે લેતા તેમજ આ કામે રોજકામ કરનાર કમિશ્નરનો રીપોર્ટ વંચાણે લેતા વાદી તેમની મનાઈ અરજીમાં જે હકીકત જણાવે છે તેવા રસ્તાની હકીકત તેમના ખેતરમાં એટલે કે, હાલના પ્રતિવાદી દિનેશભાઈ ભીમાભાઈના બન્ને ખેતરોના પશ્ચિમ શેઢે થઈ રે.સ.નંબર દિનેશભાઈ ભીમાભાઈની જમીનના વચ્ચેના ભાગેથી પુર્વ તરફે વળાંક લઈ આગળ જતા રે.સ.નં.૩૩ નો જે ભાગ

આવે છે તેના પુર્વ શેઢામાં થઈ વાદીના ખેતરમાં જવાય છે જે હાલમાં ૮ ફુટનો પહોળાઈનો રસ્તો આવેલ છે. આમ, વાદીએ જે હકીકત જણાવેલ છે અને આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો અને કમિશ્નરે કરેલ રોજકામની હકીકત જોવામાં આવે તો વાદવાળા રસ્તે વાદીઓના રસ્તાની હકીકત જણાય આવે છે. વધુમાં પ્રતિવાદીએ એવી દલીલ કરેલ છે કે, વાદીને તેના જણાવ્યા મુજબનો રસ્તો ભાયેભાગની વહેંચણી તથા તે પહેલા મૌખિક ભાગ પડયા ત્યારથી મળેલ હોવાનું અને ભીખુભાઈ ઠાકરશી અમૃતીયાને જમીન વેચાણ આપેલ તેમાં પણ ઉલ્લેખ કરેલ હોવાનું તેમજ પ્રતિવાદી નં.૬ ની સંમતિ હોવાનું અને અન્ય ભાઈ જોગ લખાણ કરી આપેલ હોવાની હકીકતને નકારે છે. અત્રે એ હકીકત નોંધવી જરૂરી જણાય છે કે વાદીએ રજુ કરેલ માર્ક ૩૭/૨ ના દસ્તાવેજ કે જે અત્રેની કોર્ટના રે.દિ.મુ.નં.૮૭/૮૯ ના ચુકાદાની નકલ રજુ કરેલ છે જે દાવામાં હાલના વાદીના પિતાશ્રી પ્રતિવાદીઓ હતા તેમજ વાદીએ કરેલ દાવાની હકીકત એટલે કે તકરારી રસ્તે પ્રતિવાદી નં.૪ ના ખેતરમાંથી થઈ ભીમા કરમણના ખેતરના પુર્વ શેઢેથી ઉતરમાં આગળ ધરમશી નાનજીના તેમજ ભીમા નાનજીના પુર્વ શેઢેથી રસ્તો જાય છે આ રસ્તેથી ખેતર તરફ વાદી નીચે ઉતરી જાય છે. આ રીતે રસ્તાનો હકક છે જે હકીકત જોતા નામ.કોર્ટે જે દાવામાં વાદીનો રસ્તો માનેલ છે પરંતુ હાથ પરના કેસની હકીકત મુજબ વાદીએ એવી દલીલ કરેલ છે કે, સદર દાવાના ચુકાદામાં જે રસ્તો બતાવેલ છે અને વાદીનો દાવો મંજુર થયો છે તેની હકીકત મુજબ હાલમાં કહેવાતા પુલ ઓળંગી દક્ષિણ તરફ સરકારી ખરાબાની જમીનમાં થઈ અમારી જમીનમાં આવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અત્રે એ હકીકત નોંધવી જરૂરી છે કે, વાદીએ હાલનો દાવો તકરારી જગ્યાએ હાલવા ચાલવા, ગાડા ગડીરા, ટ્રેકટર વાહન લઈ જવા માટે કરેલ છે તેમજ તકરારી હકીકત જોતા વાદીને આ રસ્તો હોવાનું સ્પષ્ટપણે દસ્તાવેજી પુરાવા અને ઉપરોકત ચર્ચાથી જણાય આવે છે. વધુમાં વાદીએ તેમની મનાઈ અરજીમાં આ રસ્તો એઝ ઓફ રાઈટ સુખાધિકારની રીતે આવેલ હોવાનું જણાવે છે. પરંતુ સુખાધિકારની ચર્ચા કરવામાં આવે તો તે પુરાવો લઈને તે હકીકત પુરવાર થઈ શકે પરંતુ હાલના તબકકે જયારે વાદીનો વાદગ્રસ્ત રસ્તે હાલવા ચાલવાની, વાહનો સાધનો લાવવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય વાદીને રક્ષણ આપવું જરૂરી જણાય છે.

।૧૨। મનાઈ હુકમના સિધ્ધાંતોની ચર્ચા કરવામાં આવે તો વાદીનો કેસ પ્રથમ દર્શનીય જણાય છે. તેમજ સગવડતા અગવડતાનું પલ્લુ પણ વાદીની તરફેણમાં જણાય છે. જેથી વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો ભવિષ્યમાં વાદીને નાણાંમાં ન નિવારી શકાય તેવું નુકશાન થાય તેમ છે. જેથી હાલની અરજીના મુદ્દા નં.૧,૨,૩ નો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## —: હુ ક મ :—

૧ : વાદીની આંક–૫ ની અરજી આથી અંશતઃમંજુર કરવામાં આવે છે અને પ્રતિવાદીઓ જાતે, એજન્ટો, મુખત્યારો, મજુરો કે અન્ય કોઈ મારફતે વાદીના ખેતરમાં જવાનો રસ્તો સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તે પક્ષકારોના ખેતર આવે છે ત્યા ઉપરોકત સુલતાનાબાદથી બાંટવા જતા રસ્તાની સડકથી ઉતર તરફ વળાંક લેતા સર્વ પ્રથમ ખેતર વલ્લભભાઈ રૈયાનું આવે છે તેના પુર્વ શેઢેની અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ભીખુ ઠાકરશી અમૃતીયાના ખેતરના પુર્વ શેઢે અંદરથી ઉતર તરફ આગળ જતા સ્વ.ધરમશી નાનજીભાઈ તથા સ્વ.ભીમાભાઈ નાનજીભાઈના ખેતરના પુર્વ શેઢે અંદરથી થઈ પુર્વ તરફે વળાંક લઈ પ્રતિવાદી પરસોતમભાઈ હરીભાઈના પશ્ચિમ શેઢે અંદર ખુણેથી થઈ તેની ઉતર તરફે પ્રતિવાદી દિનેશભાઈ ભીમાભાઈના બન્ને ખેતર રે.સ.નં.૩૧ પૈકી તથા ૩૩ ના પશ્ચિમ શેઢે થઈ રે.સ.ન.૩૩ ની દિનેશભાઈ ભીમાભાઈની જમીનના વચ્ચેના ભાગેથી પુર્વ તરફે વળાંક લઈ આગળ જતા દિનેશભાઈ ભીમાભાઈનો રે.સ.નં.૩૩ નો જે ભાગ આવે છે તેના પુર્વ શેઢામાં થઈ વાદીના ખેતરમાં જવાય અવાય છે તથા ખેતીલાયક સાધનો લઈ જવાય અવાય છે. તે રીતેનો ૮ ફુટની પહોળાઈનો રસ્તો આવેલ છે અને તે રસ્તેથી વાદીને હાલતા ચાલતા, ગાડા ગડીરા, ટ્રેકટર કે વાહન લઈ જતા આવતા અડચણ કે અટકાયત

કરવી નહી કે કરાવવી નહી કે તે રસ્તાની જમીનમાં અંતરાય કે અડચણ થાય તેવું કોઈપણ પ્રકારનું કૃત્ય પ્રતિવાદીઓએ કરવું નહી કે કરાવવું નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ સુધી વાદીના લાભમાં તથા પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવે છે.

૨ : અરજીનો ખર્ચ દાવાને પરીણામને અનુસરશે.

આજ તા.૨૪મી માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર
તા.૨૪/૦૨/૨૦૨૦

( રીયાઝુદ્દીન ગનીભાઈ મનસુરી )
પ્રીન્સીપાલ સીવીલ જજ
માણાવદર
જીજે ૦૧૧૫૯